Toppersnotes®
Unleash the topper in you

# Gujarat

## રેવન્યુ તલાટી

Gujarat Secondary Service Selection Board (GSSSB)

ભાગ - 2

**બંધારણ, અર્થતંત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી**

SIERRA INNOVATIONS

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **બંધારણ** | | |
| 1. | બંધારણનો ઇતિહાસ | 1 |
| 2. | બંધારણનો ઇતિહાસ તથા બંધારણ સભા | 8 |
| 3. | રાષ્ટ્રીય પ્રતીકો અને બંધારણના ભાગ તથા અનુસૂચિઓ | 17 |
| 4. | ભાગ-2 નાગરિકતા, ભાગ-3 મૂળભૂત અધિકાર | 24 |
| 5. | ભાગ-3 મૂળભૂત અધિકારો અને રીટ | 31 |
| 6. | ભાગ-4 રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, ભાગ-4 (એ) મૂળભૂત ફરજો | 35 |
| 7. | રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ | 39 |
| 8. | સંસદ | 46 |
| 9. | ગૃહમાં વપરાતા શબ્દો એટર્ની જનરલ તથા એડવોકેટ જનરલ, ખરડાઓ, રાજ્યપાલ, રાજ્ય વિધાન મંડળ | 53 |
| 10. | વિધાનસભાના અધ્યક્ષ-ઉપાધ્યક્ષ, વિધાનપરિષદના સભાપતિ-ઉપસભાપતિ, કેન્દ્રશાસિત પ્રદેશો, CAG, ચૂંટણીપંચ | 62 |
| 11. | નાણાપંચ, સુપીમ કોર્ટ અને હાઈકોર્ટ | 69 |
| 12. | સંસદીય સમિતિઓ, ગેરબંધારણીય સંસ્થાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગ | 76 |
| 13. | ભાષા, કટોકટી, જમ્મુ-કાશ્મીર વિશેષ રાજ્ય અને બંધારણીય સુધારા | 84 |
| **અર્થતંત્ર, પર્યાવરણ** | | |
| ❖ | ભારતીય અર્થવ્યવસ્થા | QR |
| | પર્યાવરણ | |
| **સામાન્ય વિજ્ઞાન** | | |
| 14. | અંતરિક્ષ વિજ્ઞાન – 1 | 94 |
| 15. | અંતરિક્ષ વિજ્ઞાન - 2 | 101 |
| 16. | ઊર્જા અને ખનીજ સંસાધન | 108 |
| 17. | જીવવિજ્ઞાન | 115 |

| | | |
|---|---|---|
| 18. | માનવ કંકાલતંત્ર | 118 |
| 19. | માનવમગજ | 122 |
| 20. | ગ્રંથિતંત્ર | 126 |
| 21. | માનવીમાં થતી બીમારીઓ | 130 |
| 22. | રુધિરતંત્ર | 147 |
| 23. | વિટામિન | 153 |
| 24. | ભોતિકવિજ્ઞાન | 156 |
| 25. | ઊર્જા અને તરંગ | 162 |
| 26. | વિદ્યુત | 164 |
| 27. | પ્રકાશનું પરાવર્તન | 172 |
| 28. | રસાયણ વિજ્ઞાન | 175 |
| 29. | વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિ | 189 |
| 30. | વિજ્ઞાન અને ટેકનોલોજી | 201 |

# 1 CHAPTER બંધારણનો ઈતિહાસ

**બંધારણ એટલે શું ?**

☞ બંધારણ એ દેશનો એવો મૂળભૂત દસ્તાવેજ છે કે જેના અનુસાર દેશની સરકાર કાર્ય કરતી હોય છે. દેશને ચલાવવા માટેના મૂળભૂત દસ્તાવેજને જે તે દેશનું બંધારણ કહે છે.

☞ પ્રત્યેક સ્વતંત્ર દેશને પોતાનું એક બંધારણ હોય છે જે દેશની ધારાસભા, ન્યાયપાલિકા અને કારોબારી વચ્ચે સત્તાઓનું વિભાજન કરે છે તથા તેના અધિકારો અને જવાબદારીઓને સુનિશ્ચિત કરે છે.

☞ બંધારણ સામાન્ય રીતે લિખિત કે અલિખિત દસ્તાવેજ સ્વરૂપમાં હોય છે.

☞ જે દેશની રાજ્યવ્યવસ્થા માટેના પાયાના નિયમો અને સિદ્ધાંતોનો સંગ્રહ એક જ દસ્તાવેજમાં કરવામાં આવેલો હોય તે દેશનું બંધારણ લિખિત પ્રકારનું કહેવાય.

☞ ભારત, જાપાન, અમેરિકા, રશિયા વગેરે દેશ લિખિત બંધારણ ધરાવે છે.

☞ અલેખિત પ્રકારનું બંધારણ ધરાવતા દેશમાં મોટા ભાગે દેશની રાજ્યવ્યવસ્થા માટેના પાયાના નિયમો અને સિદ્ધાંતો એક જ દસ્તાવેજમાં હોતા નથી અને સમયે સમયે અલગ અલગ દસ્તાવેજમાં સંગૃહીત થતા હોય છે.

☞ બ્રિટન, ઇઝરાયેલ, ન્યૂઝીલૅન્ડ વગેરે દેશ અલિખિત બંધારણ ધરાવે છે.

**નોંધ**

☞ ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબું અને લિખિત પ્રકારનું છે.

☞ વહીવટના આધારે બે પ્રકારની બંધારણીય પ્રણાલીઓ હોય છે.

(1) એકીકૃત (એકાત્મક - Unitary)

(2) સમવાયતંત્રી (Federalism)

☞ ભારતનું બંધારણ એકીકૃત અને સમવાયતંત્રી પ્રણાલીનું મિશ્રણ છે, જે એક વિશિષ્ટ પ્રકારનું સમવાયતંત્ર છે; જ્યારે બ્રિટનનું બંધારણ એકીકૃત પ્રણાલી ધરાવે છે અને અમેરિકાનું બંધારણ સમવાયતંત્રી પ્રણાલી ધરાવે છે.

**ભારતના બંધારણનો ઇતિહાસ**

☞ 22 સપ્ટેમ્બર, 1599ના રોજ બ્રિટિશ પાર્લામૅન્ટે એક ખરડો પસાર કરીને ભારત તેમજ પૂર્વના દેશો સાથે વેપાર કરવા માટે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની રચના અંગેનું બંધારણ માન્ય કર્યું.

☞ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ 31 ડિસેમ્બર 1600ના રોજ મહારાણી ઍલિઝાબેથ-I પાસેથી રૉયલ ચાર્ટર (શાહી ફરમાન) મેળવીને 15 વર્ષ માટે ભારત તેમજ દક્ષિણી પૂર્વ એશિયાના દેશો સાથે વેપાર કરવાની પરવાનગી મેળવી.

☞ બ્રિટિશ તાજનાં પ્રતિનિધિ તરીકે સર ટૉમસ રૉએ મુઘલ શાસક જહાંગીર પાસેથી સુરત ખાતે વેપાર કરવાની પરવાનગી મેળવી, જેના ભાગરૂપે ઈ.સ. 1613માં સૌપ્રથમ વેપારી મથક (કોઠી) સુરત ખાતે સ્થાપવામાં આવ્યું.

☞ વેપારના વિકાસ અને તેના રક્ષણ માટે તેમજ કંપનીનો કારભાર વ્યવસ્થિત રીતે ચલાવવા માટે જરૂરી નિયમો ઘડવાની તેમજ અધિકારીઓને આદેશ આપવાની તથા નિયમોનો ભંગ થાય તો કર્મચારીઓને સજા કરવા સહિતની સત્તાઓ કંપનીને સોંપવામાં આવી.

ToppersNotes Unleash the topper in you

- ☞ જહાંગીરના મૃત્યુ પછી કેન્દ્રીય શાસન મજબૂત રહ્યું નહીં, જેથી અંગ્રેજોએ સામ, દામ, દંડ અને ભેદની રાજનીતિથી પગપેસારો શરૂ કર્યો.
- ☞ અંગ્રેજો પોતાનાં વેપારી મથકોની બહાર પણ પોતાની હકૂમત વિસ્તારતા ગયા અને નવા પ્રદેશોના નિવાસી લોકો સામે દિવાની અને ફોજદારી વિવાદો માટે કામ ચલાવવાની સત્તા પણ અંગ્રેજોને મળી ગઈ.
- ☞ સમયાંતરે ઈ.સ. 1757 અને 1764ના પ્લાસી અને બકસરનાં યુદ્ધ જીત્યા પછી ઈ.સ. 1765માં રોબર્ટ કલાઈવે બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિ અપનાવી. તેના અંતર્ગત વહીવટી જવાબદારી નવાબ પાસે રહી અને મહેસૂલ ઉઘરાવવાની સત્તા અંગ્રેજો પાસે આવી.
- ☞ ઈ.સ.1765 સુધીમાં અલગ અલગ ફરમાનો દ્વારા કંપનીને મળેલી સત્તા લગભગ સંપૂર્ણ બની ગઈ.
- ☞ મહેસૂલ ઉઘરાવવાની સત્તાનો કંપનીના અપ્રામાણિક કર્મચારીઓએ ગેરલાભ ઉઠાવ્યો, જેના લીધે આવક અને વહીવટી ખર્ચમાં કંપનીને ખોટ જવા લાગી.
- ☞ વેપારી અને રાજકીય હિતો વધારવા માટેની સત્તાનો જ્યારે વ્યાપક પ્રમાણમાં દુરુપયોગ થયો ત્યારે તેનાં માઠાં પરિણામોની માહિતી ઈંગ્લૅન્ડ પહોંચી.
- ☞ કંપનીના વહીવટ ઉપર સીધી નજર રાખવાની તેમજ તેને નિયંત્રિત કરવાની જરૂરત બ્રિટિશ પાર્લામૅન્ટને લાગી. તેના ભાગરૂપે બ્રિટિશ પાર્લામૅન્ટે રેગ્યુલેટિંગ ઍક્ટ 1773નો કાયદો ઘડ્યો. આ કાયદાથી બ્રિટિશ પાર્લામૅન્ટે કંપનીની સત્તાને નિયંત્રિત કરવાની શરૂઆત કરી.
- ☞ **ભારતના બંધારણના વિકાસના ઈતિહાસને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે :**

  [1] ભારતમાં કંપનીનું શાસન - ઈ.સ. 1757 - 1858

  [2] તાજનું શાસન - ઈ.સ. 1858 - 1947

## [1] ભારતમાં કંપનીનું શાસન (ઈ.સ. 1757 - 1858)

### ❖ નિયામક ધારો - 1773 (રેગ્યુલેટિંગ ઍક્ટ - 1773)

- ☞ આ અધિનિયમ અંતર્ગત બ્રિટિશ પાર્લામૅન્ટ ધ્વારા ભારતમાં પ્રથમ વાર કંપનીના શાસન માટે લેખિત સંવિધાન રજૂ કરવામાં આવ્યું.
- ☞ ભારતમાં કંપનીનાં કાર્યોનું નિયમન અને નિયંત્રણ કરવાની દિશામાં બ્રિટિશ પાર્લામૅન્ટ દ્વારા ઉઠાવવામાં આવેલું પહેલું પગલું હતું. તેના દ્વારા સૌ પ્રથમ વાર કંપનીનાં વહીવટી અને રાજનૈતિક કાર્યોને માન્યતા મળી અને ભારતમાં કેન્દ્રીય વહીવટનો પાયો નાખવામાં આવ્યો.
- ☞ આ અધિનિયમથી ભારતમાં કંપનીના શાસન પર બ્રિટિશ પાર્લામેન્ટના નિયંત્રણની શરૂઆત થઈ.

### ❖ અધિનિયમની જોગવાઈઓ

- ☞ બંગાળના ગવર્નરને ગવર્નર જનરલ ઑફ બંગાળ બનાવવામાં આવ્યો.
- ☞ ગવર્નર જનરલની સહાયતા માટે 4 સભ્યોની કાઉન્સિલ (પરિષદ) રચવામાં આવી. પ્રદેશના રાજકીય વહીવટ માટે કાયદાઓ ઘડવાની સત્તા પણ કાઉન્સિલને આપવામાં આવી.
- ☞ મુંબઈ અને મદ્રાસના ગવર્નરને બંગાળના ગવર્નર જનરલને આધીન કરી દેવામાં આવ્યા.
- ☞ કંપની પર નિયંત્રણ રાખવા માટે 'કોર્ટ ઑફ ડાયરેક્ટર્સ'ની રચના કરવામાં આવી, જેનો કાર્યકાળ 4 વર્ષ રાખવામાં આવ્યો.
- ☞ કંપનીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા વ્યક્તિગત વેપાર તથા ભારતીય લોકો પાસેથી લેવામાં આવતી ભેટસોગાદો તેમજ લાંચ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- ☞ ઈ.સ. 1774માં કલકત્તા (બંગાળ)માં એક સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી, જેમાં 1 મુખ્ય ન્યાયાધીશ અને 3 અન્ય ન્યાયાધીશની નિમણૂક તાજ દ્વારા કરવામાં આવી. કંપનીના કર્મચારીઓ વિરુદ્ધ ભારતમાં કેસ કરવાની સત્તા પણ

ToppersNotes Unleash the topper in you

આપવામાં આવી.

**નોંધ** • બંગાળનો પ્રથમ ગવર્નર રૉબર્ટ ક્લાઇવ હતો.
- બંગાળનો પ્રથમ ગવર્નર જનરલ વૉરેન હેસ્ટિંગ્ઝ હતો.
- સૌપ્રથમ મુખ્ય ન્યાયાધીશ સર એલિઝા ઈમ્પે હતા.

## ❖ ઍક્ટ ઑફ સેટલમૅન્ટ - 1781 / સુધારા-અધિનિયમ - 1781 (Amendment Act - 1781)

☞ આ અધિનિયમ અંતર્ગત સ્પષ્ટ કરવામાં આવ્યું કે, કંપનીના કર્મચારીઓમાં સરકારી અધિકારી તરીકે કરેલાં કાર્યોની વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલય કાર્યવાહી કરી શકશે નહીં. ત્યારબાદ કંપનીના મહેસૂલી અધિકારીઓ, કાનૂની અધિકારીઓ અને ગવર્નર જનરલ તથા તેની પરિષદને છૂટ આપવામાં આવી.

☞ કાયદો બનાવતા સમયે ભારતીયોના સામાજિક તથા ધાર્મિક રીતરિવાજોને ધ્યાનમાં રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો.

☞ બંગાળ પ્રેસિડેન્સીને બિહાર અને ઉડિશા માટે કાયદો બનાવવાની સત્તા પ્રદાન કરવામાં આવી.

**નોંધ** • ઈ.સ. 1773ના નિયામક ધારામાં ઈ.સ. 1781નાં ઍક્ટ ઑફ સેટલમૅન્ટ દ્વારા સુધારા દાખલ કરવામાં આવ્યા, પરંતુ તેમ છતાં પણ કંપનીનો કારભાર સુધર્યો નહીં. કંપનીના કોર્ટ ઑફ ડાયરેક્ટર્સની કામગીરી દેશ અને કંપનીના હિત કરતાં વ્યક્તિગત લાભ તરફી વધુ હતી.
- વૉરેન હેસ્ટિંગ્ઝની સામ્રાજ્યવાદી નીતિના કારણે કંપની અને બ્રિટિશ પાર્લામૅન્ટ વચ્ચે મતભેદની સ્થિતિ ઊભી થઈ.
- વડાપ્રધાન પિટ-ધ યંગર દ્વારા ઈ.સ. 1784માં પિટ્સ ઇન્ડિયા ઍક્ટ પસાર કરવામાં આવ્યો, જે પિટનો ધારો કહેવાયો.

## ❖ પિટ્સ ઇન્ડિયા ઍક્ટ 1784

☞ આ અધિનિયમ દ્વારા કંપનીની રાજકીય બાબતોને અને વેપાર સંબંધી બાબતોને અલગ અલગ કરવામાં આવી.

☞ કંપનીમાં કોર્ટ ઑફ ડાયરેક્ટર્સની વેપાર સંબંધી બાબતોમાં સંપૂર્ણ રીતે નિયંત્રણ લાવવામાં આવ્યું અને કંપનીની રાજકીય સત્તાને નિયંત્રિત કરવા માટે બ્રિટિશ પાર્લામૅન્ટને સીધેસીધા જવાબદાર એવા 'બોર્ડ ઑફ કન્ટ્રોલ'ની રચના કરવામાં આવી. બોર્ડ ઑફ કન્ટ્રોલની સભ્ય સંખ્યા 6 રાખવામાં આવી તથા તેમની નિમણૂક બ્રિટિશ તાજ દ્વારા કરવામાં આવતી.

☞ ભારતમાં કંપની અધિકૃત પ્રદેશો માટે સૌપ્રથમ વાર 'બ્રિટિશ અધિકૃત ભારતીય પ્રદેશ' નામ આપવામાં આવ્યું.

☞ બોર્ડ ઑફ કન્ટ્રોલને બ્રિટિશ અધિકૃત ભારતીય પ્રદેશોમાં નાગરિક, સૈન્ય અને મહેસૂલી બાબતો પર નિયંત્રણ રાખવા માટેની સત્તા પ્રદાન કરવામાં આવી.

☞ મુંબઈ અને મદ્રાસને સંપૂર્ણરીતે બંગાળને આધિન કરી દેવામાં આવ્યા તથા મુંબઈ અને મદ્રાસના ગવર્નરોની સહાયતા માટે 3 - 3 સભ્યોની પરિષદોની રચના કરવામાં આવી.

☞ ગવર્નર જનરલની પરિષદની સભ્ય સંખ્યા 4થી ઘટાડીને 3 કરવામાં આવી. ઉપરાંત 3માંથી એક સ્થાન મુખ્ય સેનાપતિને સોંપી દેવામાં આવ્યું.

☞ ભારત ખાતેના કંપનીના અંગ્રેજ અધિકારીઓ ઉપર કેસ ચલાવવા માટે ઇંગ્લૅન્ડમાં એક સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી.

## ❖ સુધારેલો અધિનિયમ - 1786 (Amendment Act - 1786)

☞ આ અધિનિયમ દ્વારા ગવર્નર જનરલને મુખ્ય સેનાપતિની સત્તાઓ પ્રદાન કરવામાં આવી.

☞ વિશેષ પરિસ્થિતિમાં ગવર્નર જનરલને કાઉન્સિલ (પરિષદ)ના નિર્ણયો રદ કરવાની તથા પોતાના કોઈ નિર્ણય લાગુ કરવાની સત્તા પ્રદાન કરવામાં આવી.

## ❖ ચાર્ટર ઍક્ટ - 1793

☞ આ અધિનિયમ અંતર્ગત 'બોર્ડ ઑફ કન્ટ્રોલ'ના સભ્યો તથા કંપનીના અન્ય કર્મચારીઓને ભારતીય તિજોરીમાંથી વેતન અને ભથ્થાં ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.

☞ કંપનીનો વેપાર કરવાનો પરવાનો આગામી 20 વર્ષ સુધી વધારવામાં આવ્યો.

☞ ગવર્નર જનરલ તથા ગવર્નરની પરિષદોના સભ્ય બનવા માટે ભારતમાં 12 વર્ષ રહેવાનો અનુભવ ફરજિયાત કરવામાં આવ્યો.

### ❖ ચાર્ટર ઍક્ટ - 1813

☞ આ અધિનિયમ અંતર્ગત ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો ભારતમાં વેપાર કરવાનો પરવાનો અને અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો.

☞ ચાના વેપાર અને ચીન સાથેના વેપાર માટે બીજા 20 વર્ષની પરવાનગી આપવામાં આવી.

☞ ઈસાઈ મિશનરીઓને ભારતમાં ધર્મપ્રચાર કરવાની છૂટ આપવામાં આવી.

☞ કંપનીને આગામી 20 વર્ષ સુધી ભારતમાં કર ઉઘરાવવાની સત્તા આપવામાં આવી.

### ❖ ચાર્ટર ઍક્ટ - 1833

☞ આ અધિનિયમ અંતર્ગત ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ચા અને ચીન સાથેના વેપારના અધિકારો સમાપ્ત કરવામાં આવ્યા.

☞ ભારતમાં બ્રિટિશ અધિકૃત તમામ પ્રદેશોના વહીવટના નિયમન, નિયંત્રણ અને નિર્દેશન - 'ગવર્નર જનરલ ઑફ ઇન્ડિયા ઇન કાઉન્સિલ'ને સોંપવામાં આવ્યા.

☞ ગવર્નર જનરલની સરકાર 'ભારત સરકાર' અને ગવર્નર જનરલની પરિષદ 'ભારત પરિષદ'ના નામથી ઓળખાવા લાગી.

☞ ભારતની તમામ પ્રેસિડેન્સીઓને ભારતના ગવર્નર જનરલને આધિન કરી દેવામાં આવી.

☞ બંગાળના ગવર્નર જનરલને ભારતનો ગવર્નર જનરલ બનાવાવમાં આવ્યો.

☞ 'લૉર્ડ વિલિયમ બૅન્ટિક' ભારતનો સૌપ્રથમ ગવર્નર જનરલ બન્યો.

☞ મદ્રાસ અને મુંબઈ પ્રેસિડેન્સીની કાયદો બનાવવાની સત્તા સમાપ્ત કરી દેવામાં આવી અને સંપૂર્ણ ભારતમાં કાયદો બનાવવાની સત્તા 'ગવર્નર જનરલ ઑફ ઇન્ડિયા ઇન કાઉન્સિલ'ને સોંપવામાં આવી.

☞ ભારતીય કાયદાઓને વ્યવસ્થિત કરવા માટે પ્રથમ વાર 'કાયદાપંચ' (લૉ કમિશન)ની સ્થાપના કરવામાં આવી. પ્રથમ કાયદા પંચના અધ્યક્ષ લૉર્ડ મેકોલે હતા તથા અન્ય ચાર સભ્યો હતા.

☞ કાયદા પંચે ઈ.સ. 1837માં ઇન્ડિયન પીનલ કોડનો ખરડો તૈયાર કર્યો હતો.

☞ ઈ.સ. 1843માં ભારતમાં દાસપ્રથાની સમાપ્તિ કરી દેવામાં આવી.

☞ ભારતમાં અંગ્રેજી શિક્ષણ પદ્ધતિની શરૂઆત થઈ.

☞ અંગ્રેજોને પરવાનગી વગર ભારતમાં આવવાની, રહેવાની અને જમીન ખરીદવાની છૂટ આપવામાં આવી.

☞ ગવર્નર જનરલની પરિષદનો વિસ્તાર કરવામાં આવ્યો. તેમાં કાયદામાં નિષ્ણાત હોય તેવા એક સભ્યને પરિષદમાં સમાવવામાં આવ્યા. લૉર્ડ મેકોલે સૌપ્રથમ કાયદા નિષ્ણાત સભ્ય હતા.

### ❖ ચાર્ટર ઍક્ટ - 1853

☞ આ ચોથો અને અંતિમ ચાર્ટર ઍક્ટ હતો.

☞ આ અધિનિયમ અંતર્ગત કેન્દ્રીય વિધાન પરિષદનો પાયો નાખવામાં આવ્યો, જેને ભારતની સૌપ્રથમ કેન્દ્રીય વિધાન પરિષદ (સંસદ) કહેવામાં આવી. તે એક નાની સંસદની રીતે કાર્ય કરતી અને તેને બ્રિટિશ પાર્લામૅન્ટ અનુસાર કાર્ય કરવાનું રહેતું હતું.

☞ આ વિધાન પરિષદની સભ્યસંખ્યા 12 કરવામાં આવી, જેમાં 6 સભ્યો ધારાકીય સભ્યો તરીકે રાખવામાં આવ્યા અને તે 6 સભ્યોમાંથી 4 સભ્યોની ચૂંટણી બંગાળ, મદ્રાસ, મુંબઈ અને આગ્રાની પ્રાંતીય સરકારો દ્વારા કરવામાં આવતી હતી. આ પ્રકારથી ભારતમાં સૌપ્રથમ વાર પ્રાદેશિક પ્રતિનિધિત્વના સિદ્ધાંતનો અમલ કરવામાં આવ્યો.

☞ બંગાળ માટે અલગથી લૅફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરવાની સત્તા ભારતના ગવર્નર જનરલને સોંપવામાં આવી.

☞ સિવિલ સેવકોની ભરતી કરવા માટે સૌપ્રથમ વાર ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષાની શરૂઆત કરવામાં આવી. આ સિવિલ સેવા ભારતીયો માટે પણ ખુલ્લી કરી દેવામાં આવી.

- ☞ વાઈસરૉયની કારોબારી પરિષદનો વિસ્તાર કરીને તેમાં કાયદાના નિષ્ણાત હોય એવા પાંચ સભ્યોની જોગવાઈ કરવામાં આવી.
- ☞ વાઈસરૉયની કારોબારી પરિષદને કાયદો બનાવવાની સત્તા પ્રાપ્ત હતી. આથી કાયદો બનાવવાની પ્રક્રિયામાં ભારતીય પ્રતિનિધિઓને સમાવવાની શરૂઆત કરવામાં આવી, જેમાં વાઈસરૉય કેટલાક ભારતીયોને - બિનસરકારી સભ્ય તરીકે પસંદ કરી શકતા હતા.
- ☞ ઈ.સ. 1862માં લૉર્ડ કેનિંગે બિનસરકારી સભ્ય તરીકે 3 ભારતીયોનો વિધાન પરિષદમાં સમાવેશ કર્યો જેમાં બનારસના રાજા, પટિયાલાના રાજા અને સર દિનકરરાવનો સમાવેશ થયો હતો. આ સભ્યો કાયદો બનાવતા સમયે માત્ર ચર્ચામાં ભાગ લઈ શકતા અને મતદાન કરી શકતા; પરંતુ ખાનગી બિલ કે સુધારા રજૂ કરી શકતા નહીં તેમજ પૂરક પ્રશ્નો પૂછવાની પણ તેમને છૂટ ન હતી.
- ☞ બંગાળમાં (1862), ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંતમાં (1866) અને પંજાબમાં (1877) નવી વિધાન પરિષદોની રચના કરવામાં આવી.

**નોંધ**

- ઈ.સ. 1885માં એ.ઓ.હ્યુમના પ્રયાસથી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના થઈ હતી. તેના લીધે દેશનાં જાગૃત થયેલાં રાષ્ટ્રવાદી પરિબળો એકત્ર થયાં અને રાજ્યના કારોબારમાં ભારતીયોના વધુ હિસ્સાની માગણી કરવા લાગ્યા. પરિણામે બ્રિટિશ પાર્લામેન્ટે ‘ભારત પરિષદ અધિનિયમ - 1892’નો કાયદો ઘડવાની ફરજ પડી.

### ❖ ભારત પરિષદ અધિનિયમ - 1892 (Indian Council Act - 1892)

- ☞ આ અધિનિયમ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના 1889થી 1891 દરમિયાન યોજાયેલાં અધિવેશનોમાં પસાર કરાયેલા પ્રસ્તાવોનું પરિણામ હતો.
- ☞ ચૂંટણીના તત્ત્વનો સૌપ્રથમ વાર સ્વીકાર કરવામાં આવ્યો અને ચૂંટણી દ્વારા કારોબારી પરિષદમાં કેટલાક ભારતીય સભ્યોની નિમણૂક કરવાનું નક્કી કરવામાં આવ્યું.
- ☞ કેન્દ્રીય અને પ્રાંતીય વિધાન પરિષદોનો વિસ્તાર કરવામાં આવ્યો.
- ☞ સભ્યોને બજેટ પર ચર્ચા કરવાની છૂટ આપવામાં આવી, પરંતુ મતદાન કરવાનો અધિકાર આપવામાં ન આવ્યો.
- ☞ કેન્દ્રીય વિધાન પરિષદમાં વાઈસરૉય દ્વારા અને પ્રાંતીય વિધાન પરિષદમાં ગવર્નર દ્વારા બિનસરકારી સભ્યોની નિમણૂક નગરપાલિકા, જિલ્લા બોર્ડ, વાણિજ્ય મંડળો અને વિશ્વવિદ્યાલયો(યુનિવર્સિટીઓની)ની ભલામણ દ્વારા કરવામાં આવતી.

**નોંધ**

- ઈ.સ.1906 માં આગા ખાનના નેતૃત્વમાં મુસ્લિમ પ્રતિનિધિમંડળે વાઈસરૉય લૉર્ડ મિન્ટો સાથે મુલાકાત કરીને મુસ્લિમો માટે અલગ મતદારમંડળ અને ચૂંટણીવ્યવસ્થાની માગણી કરી.
- ઈ.સ.1906માં આગાખાનના નેતૃત્વ હેઠળ મુસ્લિમ લીગની સ્થાપના કરવામાં આવી.
- મુસ્લિમ લીગ દ્વારા મુસ્લિમોને તેમની વસ્તી મુજબ અલગ પ્રતિનિધિત્વની માગણી પણ કરવામાં આવી હતી.

### ❖ ભારત પરિષદ અધિનિયમ - 1909 (મોર્લે - મિન્ટો ઍક્ટ - 1909)

- ☞ તત્કાલીન ભારતીય સચિવ લૉર્ડ મોર્લે અને વાઈસરૉય લૉર્ડ મિન્ટોના પ્રયાસોથી ભારત પરિષદ અધિનિયમ 1909નો કાયદો પસાર કરવામાં આવ્યો, જે મોર્લે-મિન્ટો ઍક્ટના નામથી પણ ઓળખાયો.
- ☞ સૌપ્રથમ વાર ચૂંટણી વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી, જેમાં ચૂંટણી માટે મતદાર મંડળની યોગ્યતામાં આવક, સંપત્તિ અને શૈક્ષણિક યોગ્યતાનો આધાર બનાવવામાં આવ્યો.
- ☞ ભારતમાં સૌપ્રથમ વાર અલગ પ્રકારની ચૂંટણી વ્યવસ્થાની પણ શરૂઆત કરવામાં આવી, જેમાં મુસ્લિમ સભ્યોની ચૂંટણીમાં

માત્ર મુસ્લિમ મતદારો જ ભાગ લઈ શકતા હતા. લોર્ડ મિન્ટોને ભારતમાં સાંપ્રદાયિક ચૂંટણી વ્યવસ્થાના જનક તરીકે ઓળખવામાં આવે છે.

- ☞ કેન્દ્રની અને પ્રાંતોની પરિષદોમાં સભ્યોને બજેટ ઉપર ચર્ચા કરવાની અને પૂરક પ્રશ્નો પૂછવાની છૂટ આપવામાં આવી.
- ☞ વાઈસરૉય અને ગવર્નરની કારોબારી પરિષદમાં એક ભારતીય સભ્યની નિમણૂક કરવાની જોગવાઈ કરવામાં આવી.
- ☞ વાઈસરૉયની કારોબારી પરિષદમાં નિમણૂક પામનાર સૌપ્રથમ ભારતીય સભ્ય સત્યેન્દ્ર પ્રસાદ સિંહા હતા. તેઓ ન્યાયિક સભ્ય તરીકે નિમણૂક પામ્યા હતા.

### ❖ ભારત શાસન અધિનિયમ - 1919 (Indian Government Act - 1919)
### (મૉન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારો - 1919)

- ☞ આ અધિનિયમ ભારતીય સચિવ મૉન્ટેગ્યુ અને વાઈસરૉય ચેમ્સફર્ડના સંયુક્ત પ્રયાસોથી બન્યો હોવાથી તેને 'મૉન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારા' તરીકે ઓળખવામાં આવ્યો.
- ☞ **આ અધિનિયમ અંતર્ગત પ્રાંતીય પરિષદમાં નીચે મુજબના ફેરફારો થયા.**
  - પ્રાંતોમાં સૌપ્રથમ દ્વૈધશાસન પ્રણાલીની શરૂઆત કરવામાં આવી.
  - પ્રાંતીય પરિષદને 'વિધાન પરિષદ' નામ આપવામાં આવ્યું.
  - સૌપ્રથમ વાર પ્રત્યક્ષ ચૂંટણી વ્યવસ્થાની શરૂઆત થઈ અને સંપત્તિ, કર અથવા શિક્ષણના આધારે લોકોને મતાધિકાર મળ્યો.
  - મહિલાઓને પણ મત આપવાનો અધિકાર મળ્યો.
  - સાંપ્રદાયિકતાના આધારે મુસ્લિમો સિવાય ઍંગ્લો ઇન્ડિયન, યુરોપિયન, શીખ અને ભારતીય ઈસાઈઓ માટે અલગ મતદાર મંડળ પદ્ધતિનો વિસ્તાર કરવામાં આવ્યો.
  - કેન્દ્રના બજેટથી અલગ કરીને પ્રાંતોનાં બજેટની જોગવાઈ કરવામાં આવી તેમજ પ્રાંતીય વિધાન પરિષદને પ્રાંતોનાં બજેટ બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો.
  - પ્રાંતોનો વહીવટ ગવર્નરની કારોબારી સિવાય પ્રાંતોની વિધાન પરિષદમાં ચૂંટાયેલા સભ્યોને પણ સોંપવામાં આવ્યો અને આમ, સત્તાના વિકેન્દ્રીકરણની શરૂઆત થઈ.
  - પ્રાંતોના વિષયોને કેન્દ્રના વિષયોથી અલગ કરીને પ્રાંતોની વિધાન પરિષદોને પ્રાંતીય વિષયો પર કાયદો બનાવવાની સત્તા આપવામાં આવી.
- ☞ **પ્રાંતીય વિષયોને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા :** (અ) હસ્તાંતરિત અને (બ) આરક્ષિત.

**(અ) હસ્તાંતરિત વિષયો**

- આ વિષયોમાં ઓછું મહત્ત્વ ધરાવતા વિષયો, જેવા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, આરોગ્ય, મત્સ્યઉદ્યોગ, શિક્ષણ, પુસ્તકાલય, મનોરંજન વગેરે મૂકવામાં આવ્યાં.
- હસ્તાંતરિત વિષયો ગવર્નર અને તેની વિધાન પરિષદમાં ચૂંટાયેલા સભ્યોને સોંપવામાં આવ્યો.

**(બ) આરક્ષિત વિષયો**

- આ વિષયોમાં અત્યંત મહત્ત્વના વિષયો, જેવા કે મહેસૂલી આવક, નાણા, કાયદો અને વ્યવસ્થા, ન્યાય, ઉદ્યોગો, સિંચાઈ, ખનીજ, કારખાના, બંદરો, કૃષિ વગેરે વિષયો મૂકવામાં આવ્યા.
- આરક્ષિત વિષયો ગવર્નર અને તેની કારોબારીમાં નિમણૂક પામેલા સભ્યોને સોંપવામાં આવ્યા.

- ☞ પ્રાંતીય શાસનની આ પ્રકારની વ્યવસ્થાને 'દ્વૈધ શાસન વ્યવસ્થા'ના નામથી ઓળખવામાં આવી.
- ☞ ચૂંટાયેલા સભ્યો વિધાન પરિષદને જવાબદાર, પરંતુ ગવર્નરની કારોબારીમાં નિમણૂક પામેલા સભ્યો વિધાન પરિષદને

જવાબદાર નહીં.

☞ ગવર્નરને વિધાન પરિષદનો પ્રસ્તાવ અસ્વીકાર કરવાની છૂટ આપવામાં આવી તથા ગવર્નરને વટહુકમ બહાર પાડવાની સત્તા આપવામાં આવી.

☞ **આ અધિનિયમ અંતર્ગત કેન્દ્રીય પરિષદમાં નીચે મુજબના ફેરફારો થયા.**

- કેન્દ્રમાં સૌપ્રથમ વાર દ્વિસદનીય (દ્વિગૃહી) શાસન વ્યવસ્થાની શરૂઆત તથા પ્રત્યક્ષ ચૂંટણી વ્યવસ્થાની પણ શરૂઆત થઈ.
- કેન્દ્રીય ધારાસભા (નીચલું ગૃહ) અને રાજ્યસભા (ઉપલું ગૃહ) એમ બે ગૃહ અસ્તિત્વમાં આવ્યાં.
- કેન્દ્રીય ધારાસભાનો કાર્યકાળ સામાન્ય રીતે 3 વર્ષનો રાખવામાં આવ્યો તથા સભ્યસંખ્યા 145 રાખવામાં આવી, જેમાં 104 સભ્યો ચૂંટાયેલા તથા 41 સભ્યો નિમણૂક પામેલા રાખવામાં આવ્યા.
- રાજ્યસભાનો કાર્યકાળ 5 વર્ષ રાખવામાં આવ્યો તથા સભ્યસંખ્યા 60 રાખવામાં આવી, જેમાં 34 સભ્યો ચૂંટાયેલા અને 26 સભ્યો નિમણૂક પામેલા રાખવામાં આવ્યા. રાજ્યસભામાં માત્ર પુરુષો જ સભ્ય બની શકતા હતા.
- વાઈસરૉયની કારોબારીમાં કુલ સભ્યો 8 રાખવામાં આવ્યા, જેમાંથી 3 સભ્યો ભારતીય રાખવામાં આવ્યા.
- ઈ.સ. 1926માં સિવિલ સેવકોની ભરતી કરવા માટે કેન્દ્રીય લોકસેવા આયોગની રચના કરવામાં આવી.

Toppersnotes
Unleash the topper in you

# 2 CHAPTER બંધારણનો ઇતિહાસ તથા બંધારણ સભા

## ❖ સાયમન કમિશન - 1927

- ☞ પ્રાંતોમાં શરૂ કરવામાં આવેલી દ્વૈધશાસન પ્રણાલીનો સર્વત્ર વિરોધ થવા લાગ્યો. આથી ઈ.સ. 1919ના અધિનિયમમાં સુધારાની તપાસ કરવા માટે ઈ.સ. 1927માં જહૉન સાયમનની અધ્યક્ષતામાં એક કમિશનની નિમણૂક કરવામાં આવી.
- ☞ 3 ફેબ્રુઆરી, 1928ના રોજ સાયમન કમિશન ભારત આવ્યું. પરંતુ સાયમન કમિશનના સાતેય સભ્યો અંગ્રેજ હતા આથી સાયમન કમિશનનો વિરોધ થયો.
- ☞ સાયમન કમિશનનો બહિષ્કાર થવાના લીધે ભારતના તત્કાલીન સચિવ લોર્ડ બૅકનહેડે ભારતીયોને પોતાનું બંધારણ બનાવવાનો પડકાર આપ્યો.
- ☞ કૉંગ્રેસે આ પડકાર સ્વીકારીને 19 મે, 1928ના રોજ મોતીલાલ નેહરુની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી.
- ☞ આ સમિતિએ 10 ઑગસ્ટ, 1928ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો જે 'નહેરુ અહેવાલ'ના નામથી ઓળખાયો.
- ☞ મુસ્લિમ લિગની અસંમતિના કારણે સરકારે નહેરુ રિપોર્ટનો અસ્વીકાર કર્યો.
- ☞ સરકારે નહેરુ રિપોર્ટનો અસ્વીકાર કરતાં ઈ.સ. 1928માં મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં યોજાયેલા કલકત્તા અધિવેશનમાં ઘોષણા કરવામાં આવી કે જો અંગ્રેજ સરકાર 1 વર્ષની અંદર નહેરુ રિપોર્ટનો સ્વીકાર કરીને ભારતને સંસ્થાનિક સ્વરાજ (ડોમિનિયન સ્ટેટ) નહીં આપે તો પૂર્ણ સ્વરાજની માંગણી કરવામાં આવશે.
- ☞ કૉંગ્રેસ દ્વારા બ્રિટિશ સરકારને આપવામાં આવેલો 1 વર્ષનો સમયગાળો પૂર્ણ થતાં 31 ડિસેમ્બર, 1929નાં રોજ જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં રાવી નદીના કિનારે લાહોર ખાતે કૉંગ્રેસનું અધિવેશન યોજવામાં આવ્યું અને ત્યારબાદ 26 જાન્યુઆરી, 1930ના રોજ કૉંગ્રેસ દ્વારા સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવ્યો.
- ☞ આ સમય દરમિયાન ગાંધીજીના નેતૃત્વ હેઠળ સવિનય કાનૂન ભંગની ચળવળ, દાંડીકૂચ તેમજ ગોળમેજી પરિષદો જેવી મહત્ત્વની ઘટનાઓ બની. ગોળમેજી પરિષદની નિષ્ફળતા બાદ ગાંધીજીએ 3 જાન્યુઆરી, 1932ના રોજ ફરીથી સવિનય કાનૂન ભંગની ચળવળ શરૂ કરવાની ઘોષણા કરી પરંતુ બીજા દિવસે ગાંધીજીની ધરપકડ કરવામાં આવી.
- ☞ ગાંધીજીની ધરપકડ થયા બાદ ઈંગ્લૅન્ડના વડાપ્રધાન રામ્સે મૅકડોનાલ્ડે એક કોમી ચુકાદો જાહેર કર્યો.
- ☞ આ ચુકાદા મુજબ, મુસલમાનો માટે અલગ મતદાર મંડળ ચાલુ રાખવામાં આવ્યું પરંતુ હરિજનો (દલિતો)ને પણ હિન્દુથી અલગ ગણીને તેમના માટે અલગ મતદાર મંડળ આપવામાં આવ્યું.
- ☞ દલિતોને આપવામાં આવેલા અલગ મતદારમંડળના વિરોધમાં ગાંધીજીએ પૂનાની યરવડા જેલમાં 20 સપ્ટેમ્બર, 1932ના રોજ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા.
- ☞ મદન મોહન માલવિયા, ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને રાજગોપાલાચારીના પ્રયત્નોથી ગાંધીજી અને આંબેડકર વચ્ચે 24 સપ્ટેમ્બર, 1932ના રોજ પૂનાની યરવડા જેલમાં કરાર કરવામાં આવ્યો જે પૂના કરારના નામથી ઓળખાયો.
- ☞ આ કરાર મુજબ, દલિતોનાં અલગ મતદાર મંડળ રદ કરીને તેમને અનામત બેઠકો આપવામાં આવી.

## ❖ ભારત શાસન અધિનિયમ - 1935 (Indian Government Act - 1935)

- ☞ વાઈસરૉય લીનલીથગો અને ભારતીય સચિવ સેમ્યુઅલ હોરના પ્રયાસોના કારણે ભારત શાસન અધિનિયમ 1935નો કાયદો અસ્તિત્વમાં આવ્યો.

- આ અધિનિયમ અંતર્ગત ભારતમાં પૂર્ણ જવાબદાર સરકારની સ્થાપના કરવામાં આવી, જેમાં રાજ્યો અને દેશી રજવાડાંઓને પણ જવાબદાર એકમ તરીકે માનવામાં આવ્યાં.
- લાંબું અને વિસ્તૃત બંધારણ દસ્તાવેજ સ્વરૂપે બનાવવામાં આવ્યું, જેમાં 321 અનુચ્છેદો અને 10 અનુસૂચિઓનો સમાવેશ કરવામાં આવ્યો.
- પુરુષ અને મહિલાઓને સમાન મતાધિકાર આપવામાં આવ્યો.
- બર્માને ભારતથી અલગ કરવામાં આવ્યું.
- સિંધ અને ઓરિસ્સા એમ બે નવા પ્રાંતોની રચના કરવામાં આવી.
- પ્રધાનમંત્રી અને મંત્રી જેવા શબ્દોનો સૌપ્રથમ વાર ઉપયોગ કરવામાં આવ્યો.
- 1 એપ્રિલ, 1935ના રોજ ભારતીય રિઝર્વ બૅન્કની સ્થાપના કરવામાં આવી.
- પ્રાંતોમાં પ્રાંતીય લોક સેવા આયોગની સ્થાપના કરવામાં આવી.
- કેન્દ્ર તેમજ રાજ્ય અને દેશી રજવાડાંઓ વચ્ચે તમામ વિષયોને ત્રણ યાદીમાં વિભાજિત કરવામાં આવ્યા.
  (1) સંઘ યાદી (59 વિષય)
  (2) રાજ્ય યાદી (54 વિષય)
  (3) સંયુક્ત યાદી (36 વિષય)
- આ વ્યવસ્થા અમલમાં આવી ન હતી, કારણ કે દેશી રજવાડાંઓએ તેમાં સમાવિષ્ટ થવાનો ઈન્કાર કર્યો હતો.

**આ અધિનિયમનો કેન્દ્ર પર પ્રભાવ**

- એક અખિલ ભારતીય સંઘની સ્થાપના કરવામાં આવી.
- કેન્દ્રમાં દ્વૈધશાસન પ્રણાલીની શરૂઆત કરવામાં આવી. કેન્દ્રના વિષયોને હસ્તાંતરિત અને આરક્ષિત એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યા, પરંતુ આ પ્રણાલી લાગુ થઈ શકી નહીં.

**આ અધિનિયમનો પ્રાંતો પર પ્રભાવ**

- પ્રાંતોમાં દ્વૈધ શાસન પ્રણાલીને સમાપ્ત કરવામાં આવી.
- પ્રાંતોને સ્વાયત્તતા આપવામાં આવી અને પ્રાંતોને વાઈસરૉયના નિયંત્રણમાંથી મુક્ત કરીને બ્રિટિશ તાજના નિયંત્રણમાં મૂકવામાં આવ્યા.
- કેટલાક પ્રાંતોમાં દ્વિસદનીય (દ્વિગૃહી) વ્યવસ્થા અસ્તિત્વમાં આવી.
- કુલ 11 માંથી 6 પ્રાંતોમાં એટલે કે મુંબઈ, બંગાળ, મદ્રાસ, બિહાર, સંયુક્ત પ્રાંત અને આસામ પ્રાંતમાં દ્વિસદનીય વ્યવસ્થા અમલમાં આવી.
- તમામ પ્રાંતોમાં સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ રીતે કરવામાં આવી.
- બધા જ પ્રાંતીય વિષયોનું સંચાલન મંત્રીઓ દ્વારા કરવાની ઘોષણા તેમજ મંત્રીઓના વડા તરીકે એક મુખ્યમંત્રીની જોગવાઈ.
- મંત્રીઓ વિધાન પરિષદોને જવાબદાર તેમજ તેમની વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવાની જોગવાઈ.
- પ્રાંતના ગવર્નરને પ્રાંતનું સંપૂર્ણ શાસન પોતાના હાથમાં લેવાની સત્તા, પરંતુ ગવર્નરે પ્રાંતની વિધાન પરિષદના મંત્રીઓની સલાહ મુજબ કામ કરવું ફરજિયાત હતું.
- આ વ્યવસ્થા 1937માં શરૂ કરવામાં આવી હતી. પરંતુ 1939માં સમાપ્ત કરી દેવામાં આવી હતી.

## ❖ ઑગસ્ટ પ્રસ્તાવ - 1940

- ☞ સપ્ટેમ્બર, 1939માં યુરોપમાં જર્મનીએ પોલેન્ડ પર આક્રમણ કર્યું. તેથી બ્રિટન અને ફ્રાન્સે જર્મનીની વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું અને દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.
- ☞ ભારતના વાઈસરૉય લૉર્ડ લિનલિથગોએ ભારતની કેન્દ્રીય ધારાસભાના સભ્યોની સલાહ લીધા વગર ભારતને બ્રિટનના પક્ષે યુદ્ધમાં સામેલ કરી દીધું.
- ☞ આથી, ઑક્ટોબર, 1939માં કૉંગ્રેસનાં તમામ મંત્રીમંડળોએ પ્રાંતોમાંથી રાજીનામાં આપ્યાં.
- ☞ માર્ચ 1940માં અબુલ કલામ આઝાદની અધ્યક્ષતામાં યોજાયેલા કૉંગ્રેસના રામગઢ (બિહાર) અધિવેશનમાં કૉંગ્રેસે અંગ્રેજ સરકારને સ્પષ્ટરૂપે કહ્યું કે, ‘જો અંગ્રેજો ભારતને સ્વતંત્ર ઘોષિત કરીને રાષ્ટ્રીય સરકારની રચના કરે તો કૉંગ્રેસ તેમજ અન્ય પક્ષ વિશ્વયુદ્ધમાં બ્રિટનને સમર્થન આપી શકે.’
- ☞ કૉંગ્રેસના આ પ્રસ્તાવની સામે વાઈસરૉય લૉર્ડ લિનલિથગોએ જવાબના સ્વરૂપમાં 8 ઑગસ્ટ, 1940ના રોજ એક પ્રસ્તાવ રજૂ કર્યો, જે ‘ઑગસ્ટ પ્રસ્તાવ’ (ઑગસ્ટ ઓફર)ના નામથી ઓળખાયો.
- ☞ આ પ્રસ્તાવ મુજબ વાઈસરૉયે જાહેર કર્યું કે, યુદ્ધ પૂરું થયા પછી ભારતનું બંધારણ ઘડવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે, તેમજ વાઈસરૉયની કારોબારી સમિતિમાં તેમજ યુદ્ધ સલાહકાર સમિતિમાં ભારતીયોની સંખ્યામાં વધારો કરવામાં આવશે.
- ☞ કૉંગ્રેસ અને મુસ્લિમ લિગ દ્વારા આ પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ❖ ક્રિપ્સ મિશન (23 માર્ચ, 1942)

- ☞ ભારતીય નેતાઓને મનાવી લેવા માટે ઇંગ્લૅન્ડના વડાપ્રધાન ચર્ચિલે સર સ્ટેફર્ડ ક્રિપ્સની અધ્યક્ષતામાં એક મિશન ભારત મોકલ્યું, જે ‘ક્રિપ્સ મિશન’ તરીકે ઓળખાયું.
- ☞ ક્રિપ્સ મિશને ભારતીય નેતાઓ સમક્ષ કેટલીક દરખાસ્તો મૂકી હતી જે નીચે મુજબ હતી.
  - યુદ્ધની સમાપ્તિ પછી ભારતને ડોમિનિયન સ્ટેટ (સંસ્થાનિક સ્વરાજ્ય)ની પ્રાપ્તિ
  - બંધારણ સભાની રચના
  - પ્રાંતોને અલગથી બંધારણ બનાવવાનો અધિકાર
  - દેશી રજવાડાંઓને નવું બંધારણ ન સ્વીકારવાની છૂટ
- ☞ મહાત્મા ગાંધીએ આ દરખાસ્તોને ‘પોસ્ટ ડેટેડ ચેક’ સાથે સરખાવી
- ☞ કૉંગ્રેસે તેમજ મુસ્લિમ લીગે આ દરખાસ્તોનો અસ્વીકાર કરતાં વડાપ્રધાન ચર્ચિલે એપ્રિલ, 1942ના રોજ આ દરખાસ્તો પાછી ખેંચી લીધી.
- ☞ રાજગોપાલાચારી દ્વારા 10 જુલાઈ, 1944ના રોજ એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, જે રાજગોપાલાચારી ફોર્મ્યુલા તરીકે ઓળખાયો.
- ☞ કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ દ્વારા રાજગોપાલાચારી ફોર્મ્યુલાનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ❖ વેવેલ યોજના (ઈ.સ. 1945)

- ☞ અંગ્રેજ સરકારે લૉર્ડ લિનલિથગોના સ્થાન પર લૉર્ડ વેવેલની ભારતના વાઈસરૉય તરીકે નિમણૂક કરી.
- ☞ 4 જૂન, 1945ના રોજ વાઈસરૉય વેવેલે એક યોજના રજૂ કરી. જે વેવેલ યોજના તરીકે ઓળખાઈ.

- આ યોજના મુજબ જાહેર કરવામાં આવ્યું કે વાઈસરૉયની કારોબારી પરિષદમાં કમાન્ડર ઈન ચીફ સિવાયના બધા સદસ્ય ભારતીય રહેશે.
- મુસલમાન સભ્યોની સંખ્યા હિન્દુઓ જેટલી રાખવામાં આવશે તથા ગવર્નર જનરલ કોઈ ચોક્કસ કારણ વગર વીટોનો પ્રયોગ નહીં કરી શકે.
- દ્વિતીય વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી ભારતીયો પોતાનું બંધારણ બનાવશે.
- કૉંગ્રેસના તમામ નેતાઓને છોડી મૂકવામાં આવશે.
- આ તમામ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવા માટે વાઈસરૉય વેવેલે જુદા જુદા પક્ષોના આગેવાનો સાથે 25 જૂન, 1945ના રોજ શિમલા પરિષદનું આયોજન કર્યું.
- મહંમદ અલી ઝીણાએ આ પરિષદમાં માગણી કરી કે મુસલમાન સભ્યને પસંદ કરવાનો અધિકાર માત્ર મુસ્લિમ લીગને રહેવો જોઈએ તથા મુસ્લિમ લીગને સાંપ્રદાયિક વીટો આપવામાં આવે.
- ઝીણાની આ માગણીના લીધે કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે મતભેદો ઊભા થયા, જેથી શિમલા પરિષદ નિષ્ફળ ગઈ અને વેવેલ યોજના પરત ખેંચવી પડી.

## ❖ કેબિનેટ મિશન (ઈ.સ. 1946)

- નૌકાસેના વિદ્રોહના બીજા દિવસે 19 ફેબ્રુઆરી, 1946ના રોજ બ્રિટનમાં વડાપ્રધાન એટલીએ ભારતને પૂર્ણ સ્વરાજ આપવા, બંધારણ સભાની સ્થાપના કરવા તથા ભારતની તત્કાલીન સમસ્યાઓ ઉપર વિચાર-વિમર્શ કરવા માટે ઈંગ્લૅન્ડની કૅબિનેટના ત્રણ સભ્યોને ભારત મોકલવાની ઘોષણા કરી.
- તેના ભાગરૂપે 24 માર્ચ, 1946ના રોજ કેબિનેટ મિશન દિલ્હી પહોંચ્યું.
- કૅબિનેટ મિશનના ત્રણ સદસ્યો સ્ટેફર્ડ ક્રિપ્સ (અધ્યક્ષ), પેથિક લોરેન્સ (સચિવ) અને એ. વી. એલેકઝેન્ડર (નૌકાસેનાના અધ્યક્ષ) હતા.
- કેબિનેટ મિશને 16 મે, 1946ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો, જેમાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો :
  - એક ભારતીય સંઘની સ્થાપના કરવામાં આવશે, જે દેશી રજવાડાઓ અને બ્રિટિશ ભારતનાં રાજ્યોનો બનેલો હશે.
  - વિદેશી બાબતો, રક્ષા અને સંચાર તથા વ્યવસ્થા કેન્દ્ર સરકારને હસ્તક રાખવામાં આવશે.
  - ભારતના વિભાજનનો પ્રસ્તાવ રદ કરવામાં આવ્યો.
  - મુસ્લિમ લીગને સંતુષ્ટ કરવા માટે ભારતીય પ્રાંતોને ત્રણ જૂથમાં વિભાજિત કર્યા.
    (અ) જૂથમાં મુંબઈ, યુ.પી. બિહાર સેન્ટ્રલ પ્રોવિન્સિસ અને ઓરિસ્સા
    (બ) જૂથમાં પંજાબ, સિંધ, ઉત્તર - પશ્ચિમ સરહદી પ્રાંત
    (ક) જૂથમાં બંગાળ અને આસામ.
- દરેક જૂથને પોતાની ધારાસભા અને પોતાની અલગ બંધારણ સભા સ્થાપવાની છૂટ આપવામાં આવી તથા પ્રાંતિક વિષયો પણ નક્કી કરવાની છૂટ આપવામાં આવી.
- બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની સ્થાપના કરવામાં આવશે, જેની ચૂંટણી વિધાનસભાના સદસ્યો દ્વારા કરવામાં આવશે.
- બંધારણનું નિર્માણ ન થાય ત્યાં સુધી વચગાળાની સરકાર રચવામાં આવશે.
- ગાંધીજીના નેતૃત્વમાં કૉંગ્રેસે કેબિનેટ મિશન યોજનાનો સ્વીકાર કર્યો.
- મુસ્લિમ લીગે શરૂઆતમાં આ યોજનાનો સ્વીકાર કર્યો હતો. પરંતુ પાછળથી તેનો વિરોધ કર્યો હતો.

## ❖ વચગાળાની સરકાર

- ☞ જુલાઈ, 1946માં બંધારણ સભાના હેતુ માટે કૅબિનેટ મિશન યોજના અંતર્ગત ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું.
- ☞ આ ચૂંટણીમાં કૉંગ્રેસે 210 સામાન્ય બેઠકોમાંથી 208 બેઠકો મેળવી; જ્યારે મુસ્લિમ લીગે 78 મુસ્લિમ બેઠકોમાંથી 73 બેઠકો મેળવી.
- ☞ ચૂંટણી થયા પછી વાઈસરૉયે કૉંગ્રેસ તેમજ મુસ્લિમ લીગને સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું. પરંતુ મુસ્લિમ લીગે કૅબિનેટ મિશન યોજનાનો અસ્વીકાર કર્યો અને 16 ઑગસ્ટ, 1946ના દિવસને 'પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ' (સીધાં પગલાં દિવસ) તરીકે મનાવ્યો.
- ☞ આ દિવસે હિંસાત્મક કોમી રમખાણો ફાટી નીકળ્યાં.

**નોંધ** મહંમદ અલી ઝીણાએ મુસ્લિમ લીગને 16 ઑગસ્ટને સીધાં પગલાં દિવસ તરીકે ઊજવવા માટે અપીલ કરી હતી.

- ☞ બંગાળમાં સુહરાવર્દીખાનના નેતૃત્વમાં મુસ્લિમ લીગની સરકાર હતી. આથી કલકત્તામાં ખૂબ જ મોટાં કોમી રમખાણો થયાં હતાં.
- ☞ કૉંગ્રેસે વચગાળાની સરકાર રચવાનું આમંત્રણ સ્વીકાર્યા પછી વાઈસરૉય વેવેલે 24 ઑગસ્ટ, 1946ના દિવસે 12 સભ્યોની બનેલી વચગાળાની કામચલાઉ સરકારની જાહેરાત કરી.
- ☞ ત્યારબાદ 2 સપ્ટેમ્બર, 1946ના રોજ જવાહરલાલ નહેરુના નેતૃત્વમાં કૉંગ્રેસની બહુમતી ધરાવતી વચગાળાની સરકારે શપથ લીધા.

  **નોંધ** મુસ્લિમ લીગે 2 સપ્ટેમ્બરનો દિવસ શોક દિવસ તરીકે ઊજવવાની મુસ્લિમોને અપીલ કરી હતી. આથી મુસ્લિમોએ કાળા વાવટા સાથે સરઘસો કાઢ્યાં હતાં અને શોકસભાઓ યોજી હતી.

- ☞ 26 ઑક્ટોબર, 1946ના રોજ વાઈસરૉય વેવેલે મહંમદ અલી ઝીણાને સરકારમાં જોડાવા માટે મનાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મુસ્લિમ લીગે જવાહરલાલ નહેરુની નેતાગીરીનો અસ્વીકાર કર્યો અને બંધારણ સભાની કાર્યવાહીમાં અડચણો ઊભી કરી.
- ☞ 9 ડિસેમ્બર, 1946ના દિવસે બંધારણ સભાની પ્રથમ બેઠક યોજાઈ, જેમાં મુસ્લિમ લીગ હાજર ન રહી.

## ❖ એટલીની ઘોષણા

- ☞ બ્રિટનના વડાપ્રધાન લૉર્ડ ક્લેમેન્ટ એટલીએ 20 ફેબ્રુઆરી, 1947ના રોજ ઘોષણા કરી કે, અંગ્રેજ સત્તા જૂન, 1948 સુધીમાં જવાબદાર લોકોને સત્તા સોંપીને ભારત છોડી દેશે.
- ☞ લૉર્ડ વેવેલનું વલણ ભારતની પરિસ્થિતિને બંધબેસતું નહિ લાગતાં એટલીએ વેવેલના સ્થાને માઉન્ટ બેટનની ગવર્નર જનરલ તરીકે નિમણૂક કરી.

## ❖ માઉન્ટ બેટન યોજના

- ☞ 3 જૂન, 1947ના રોજ માઉન્ટ બેટન દ્વારા યોજના પ્રસ્તુત કરવામાં આવી.

  **આ યોજનાના મુદ્દા નીચે મુજબ હતા :**

  - ભારતનું વિભાજન ભારત અને પાકિસ્તાનમાં કરવામાં આવશે. બંને દેશ પોતાનું બંધારણ તૈયાર કરશે.
  - પ્રદેશોના સીમા નિર્ધારણ અર્થે સરહદો નક્કી કરવા માટે સરહદ કમિશન નિયુક્ત કરવામાં આવશે.
  - આસામના ચિલ્હટનો અને પશ્ચિમોત્તર - સીમા પ્રાન્તના ભાગલાનો નિર્ણય જનમતના આધારે કરવામાં આવશે.
  - દેશી રજવાડાંઓને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવાની સ્વતંત્રતા.
  - કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે આ યોજનાનો સ્વીકાર કર્યો.
  - પંજાબ અને બંગાળમાં હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારો પૂર્વ પંજાબ અને પશ્ચિમ બંગાળ ભારતમાં સમાવિષ્ટ થયા.
  - મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારો પશ્ચિમ પંજાબ, પૂર્વ બંગાળ, બલુચિસ્તાન અને સિલ્હટ તેમજ સિંધ પ્રદેશ પાકિસ્તાનમાં સમાવિષ્ટ થયા.

**નોંધ** અબુલ કલામ આઝાદ, ખાન અબ્દુલ ગફારખાન અને પુરુષોત્તમ દાસ આ ભાગલાના વિરોધમાં રહ્યા હતા.

- 14 ઑગસ્ટ, 1947ના દિવસે પાકિસ્તાન આઝાદ થયું. મહંમદઅલી ઝીણા પાકિસ્તાનના ગવર્નર જનરલ અને લિયાકતઅલી ખાન વડાપ્રધાન બન્યા.
- 15 ઑગસ્ટ, 1947ના રોજ ભારત આઝાદ થયું.
- માઉન્ટ બેટન ભારતના ગવર્નર જનરલ બન્યા અને જવાહરલાલ નહેરુ વડાપ્રધાન બન્યા.

### ❖ ભારતીય સ્વતંત્રતા અધિનિયમ - 1947 (Indian Independence Act - 1947)

- માઉન્ટ બેટન યોજના પર કૉંગ્રેસ અને મુસ્લિમ લીગની સહમતી મેળવ્યા પછી આ યોજનાને બ્રિટિશ સંસદમાં ખરડા સ્વરૂપે પસાર કરવામાં આવી, જે ભારતીય સ્વતંત્રતા અધિનિયમ 1947 તરીકે ઓળખાઈ.

## ભારતની બંધારણ સભા

- ઈ.સ. 1895માં બાળ ગંગાધર તિલકે સ્વરાજ વિધેયકમાં બંધારણ સભા રચવાની માંગનો ઉલ્લેખ કર્યો હતો.
- ઈ.સ. 1919નો ભારત શાસન અધિનિયમ લાગુ થયા પછી 1922માં ગાંધીજીએ વિચાર વ્યક્ત કર્યો કે, ભારતનું બંધારણ ભારતના લોકોની ઈચ્છા અનુસાર હોવું જોઈએ.
- 24 એપ્રિલ, 1923ના રોજ તેજબહાદુર સપ્રુની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ બિલને બ્રિટનની સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ મજૂર પક્ષની સરકારની બ્રિટનમાં હાર થતાં આ બિલ મંજૂર થઈ શક્યું નહીં.
- 10 ઑગસ્ટ, 1928માં મોતીલાલ નહેરુની સમિતિએ એક રિપોર્ટ રજૂ કર્યો, જે નહેરુ રિપોર્ટ (નહેરુ અહેવાલ)ના નામથી ઓળખાયો. આ રિપોર્ટમાં બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આથી નહેરુ રિપોર્ટને ભારતના બંધારણની 'બ્લુ પ્રિન્ટ' કહેવામાં આવે છે.
- માનવેન્દ્રનાથ રૉય (એમ.એન.રૉય) દ્વારા 1934માં સૌપ્રથમ વાર અધિકૃત રીતે બંધારણ સભાની માગ કરવામાં આવી હતી.
- ઈ.સ. 1935માં પ્રથમ વાર ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ દ્વારા ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની રચનાની માગણી કરવામાં આવી.
- ઈ.સ. 1938માં જવાહરલાલ નહેરુ દ્વારા ઘોષણા કરવામાં આવી કે, સ્વતંત્ર ભારતના બંધારણનું નિર્માણ વયસ્ક મતાધિકારના આધારે ચૂંટાયેલી બંધારણ સભા દ્વારા કરવામાં આવશે, જેમાં બાહ્ય સત્તાનો હસ્તક્ષેપ માન્ય રખાશે નહીં.
- જવાહરલાલ નહેરુની આ ઘોષણા બાદ બ્રિટન સરકારે સૌપ્રથમ વાર બંધારણ સભાની માગણી ઈ.સ. 1940માં ઑગસ્ટ પ્રસ્તાવના સ્વરૂપમાં સ્વીકારી.
- ત્યારબાદ ઈ.સ.1942માં ક્રિપ્સ મિશન દ્વારા બ્રિટિશ સરકારે ભારતીયોની બનેલી બંધારણ સભાની માગણી સ્વીકારી, પરંતુ મુસ્લિમ લીગ દ્વારા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.
- ઈ.સ.1946માં કેબિનેટ મિશન યોજના દ્વારા બંધારણ સભાની માંગ સ્વીકારીને તેની રચના કરવામાં આવી.

### ❖ બંધારણ સભાની રચના

- કેબિનેટ મિશન યોજના અંતર્ગત નવેમ્બર, 1946માં બંધારણ સભાની રચના કરવામાં આવી, જેની વિશેષતા નીચે મુજબ હતી :
- દર 10 લાખની વસતિએ એક બેઠકની જોગવાઈ
- પ્રાંતો તથા દેશી રજવાડા અથવા રજવાડાના સમૂહો વચ્ચે વસતિના આધારે બેઠકોની વહેંચણી.
- બંધારણ સભાની કુલ સભ્યસંખ્યા 389 રાખવામાં આવી.

☞ જેમાં 93 સભ્યો દેશી રજવાડાઓમાંથી
292 સભ્યો બ્રિટિશ શાસિત 11 પ્રાંતોમાંથી
4 સભ્યો કમિશનરના 4 પ્રાંતોમાંથી
એમ કુલ 389 સભ્યો હતા.

**નોંધ**

☞ બ્રિટિશ શાસિત 11 પ્રાંતોમાં બૉમ્બે, મદ્રાસ, સંયુક્ત પ્રાંત, બિહાર, મધ્યપ્રાંત, ઓરિસ્સા, પંજાબ, ઉત્તર-પશ્ચિમી સરહદી પ્રાંત, સિંધ, બંગાળ અને આસામનો સમાવેશ

☞ કમિશનરના 4 પ્રાંતોમાં દિલ્હી, કુર્ગ, બલુચિસ્તાન અને અજમેર-મેરવાડનો સમાવેશ.

☞ દરેક પ્રાંતમાં વસતિના આધારે મુસ્લિમ, શીખ અને સામાન્ય બેઠકોની વહેંચણી

☞ દેશી રજવાડાંના સભ્યોની નિમણૂક રાજવીઓની સલાહથી

☞ પ્રાંતોમાં પ્રત્યેક સમુદાયના સભ્યો દ્વારા પોતાના પ્રતિનિધિઓની ચૂંટણી એકલ સંક્રમણીય મત પદ્ધતિ અને સમતુલ્યતાના સિદ્ધાંત દ્વારા કરવામાં આવી.

☞ બંધારણ સભા માટે જુલાઈ-ઑગસ્ટ, 1946માં ચૂંટણી કરવામાં આવી, જેમાં 296 સીટો પર ચૂંટણી થઈ. દેશી રજવાડાંઓની 93 સીટો પર ચૂંટણી થઈ શકી નહીં, કારણ કે દેશી રજવાડાંઓએ પોતાને બંધારણસભાથી અલગ રાખવાનો નિર્ણય લીધો હતો.

આમ, 296 સીટો પર ચૂંટણી થઈ, જેનું પરિણામ નીચે મુજબ હતું.

- ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસને 208 સીટો મળી.
- મુસ્લિમ લીગને 73 સીટો મળી.
- અન્યોને 15 સીટો મળી.

☞ મુસ્લિમ લિગ દ્વારા અલગ પાકિસ્તાનની માગણીના કારણે કેબિનેટ મિશન યોજના નિષ્ફળ ગઈ અને ત્યારબાદ ભારતના તત્કાલીન વાઈસરૉય લૉર્ડ માઉન્ટ બેટન દ્વારા ભારત-પાકિસ્તાનનું વિભાજન દર્શાવતી માઉન્ટ બેટન યોજના 3 જૂન, 1947ના રોજ રજૂ કરવામાં આવી.

☞ ભારત-પાકિસ્તાનનું વિભાજન થયા પછી બંધારણસભાના કુલ 389 સભ્યોમાંથી મુસ્લિમ લીગના 90 સભ્યો નીકળી ગયા અને આમ વિભાજન પછી બંધારણ સભાની કુલ સભ્યસંખ્યા 389માંથી 299 થઈ, જેમાં બ્રિટિશ પ્રાંતના 229 સભ્યો અને દેશી રજવાડાંના 70 સભ્યો હતા.

**નોંધ**

☞ બંધારણ સભામાં સૌથી વધુ સભ્યો ધરાવતું બ્રિટિશ પ્રાંત સંયુક્ત પ્રાંત હતું, જેના સભ્યો 55 ગણાય.

☞ બંધારણ સભામાં સૌથી વધુ સભ્યો ધરાવતું દેશી રજવાડું મૈસૂર હતું, જેના 7 સભ્યો હતા.

☞ અલ્પસંખ્યકોના પ્રતિનિધિત્વમાં -

| | |
|---|---|
| મુસ્લિમ | **31** |
| અનુસૂચિત જાતિ (SC) | **30** |
| અનુસૂચિત જનજાતિ (ST) | **5** |
| ઈસાઈ | **7** |
| શીખ | **5** |
| પારસી | **3** |
| ઍંગ્લો ઇન્ડિયન | **3** |
| નેપાળી | **1** |

☞ બંધારણસભામાં કુલ 15 મહિલા સભ્યોએ ભાગ લીધો હતો જેનાં અધ્યક્ષ હંસાબહેન મહેતા હતાં.

☞ બંધારણ સભામાં ઍંગ્લો ઇન્ડિયનના પ્રતિનિધિ તરીકે ફ્રેન્ક એન્થની હતા.

☞ પારસીઓના પ્રતિનિધિ તરીકે એચ.પી.મોદી હતા.

## ❖ બંધારણ સભાની કાર્યવાહી

☞ બંધારણ સભાની સૌપ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ દિલ્હીમાં વર્તમાન સંસદ ભવનના કેન્દ્રીય કક્ષમાં મળી હતી.

☞ બંધારણસભાની પ્રથમ બેઠકમાં ફ્રાન્સની જેમ ઉંમરમાં વરિષ્ઠ હોય તેવા નેતા ડૉ. સચ્ચિદાનંદ સિન્હાને કાર્યકારી અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા.

☞ બંધારણસભાની બીજી બેઠક 11 ડિસેમ્બર, 1946ના રોજ મળી, જેમાં બંધારણ સભા દ્વારા કાયમી અધ્યક્ષ તરીકે રાજેન્દ્ર પ્રસાદને ચૂંટી કાઢવામાં આવ્યા.

☞ બંધારણ સભાના ઉપાધ્યક્ષ એચ.સી.મુખરજી (હરેન્દ્રકુમાર મુખરજી) હતા.

☞ બંધારણ સભાના સલાહકાર સર બેનીગલ નરસિંહ રાવ (બી.એન.રાવ) હતા.

☞ બી.એન.રાવ દ્વારા ઉદ્દેશ્ય પ્રસ્તાવનું પ્રારૂપ તૈયાર કરવામાં આવ્યું છે.

☞ આ ઉદ્દેશ્ય પ્રસ્તાવ 13 ડિસેમ્બર, 1946ના રોજ જવાહરલાલ નહેરુએ બંધારણ સભામાં રજૂ કર્યો.

☞ બંધારણ સભા દ્વારા 22 જાન્યુઆરી, 1947ના રોજ ઉદ્દેશ્ય પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો, જે આગળ જતાં બંધારણનું આમુખ (પ્રસ્તાવના) બન્યો.

☞ બંધારણ સભા મુખ્યત્વે બે કાર્યો કરતી હતી, એટલે કે બંધારણ સભાની બેવડી ભૂમિકા હતી.

(1) બંધારણ ઘડવાનું કાર્ય

(2) સંસદ (ધારાકીય સંસ્થા) તરીકે કાર્ય

☞ જ્યારે કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભા બંધારણ ઘડવા માટે મળતી ત્યારે તેના અધ્યક્ષ સ્થાને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.

☞ જ્યારે કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભા એક ધારાકીય સંસ્થા તરીકે મળતી ત્યારે તેના અધ્યક્ષસ્થાને ગણેશ વાસુદેવ માવળંકર રહેતા.

☞ બંધારણ સભાની કામચલાઉ સંસદ તરીકેની સૌપ્રથમ બૅઠક 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી.

☞ બંધારણ સભાની બેવડી ભૂમિકાનો અંત 26 નવેમ્બર, 1947ના રોજ આવ્યો હતો. ત્યારબાદ બંધારણ સભાની અંતિમ બેઠક 24 જાન્યુઆરી, 1950ના રોજ કરવામાં આવી હતી.

☞ 26 જાન્યુઆરી, 1950થી એપ્રિલ, 1952 સુધી કામચલાઉ સંસદ અસ્તિત્વમાં રહી હતી.

☞ એપ્રિલ 1952માં કામચલાઉ સંસદનું અસ્તિત્વ સમાપ્ત કરીને 1952માં પ્રથમ ચૂંટાયેલી સંસદ અસ્તિત્વમાં આવી હતી.

☞ બંધારણસભા દ્વારા છાપ (મુહર) તરીકે ‘હાથી’નું ચિહ્ન સ્વીકારવામાં આવ્યું હતું.

## ❖ પ્રારૂપ/ખરડા/મુસદ્દા સમિતિ

☞ આ સમિતિની રચના 29 ઑગસ્ટ, 1947ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

☞ આ સમિતિમાં 1 અધ્યક્ષ અને 6 સભ્યો હતા.

| **અધ્યક્ષ** | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
|---|---|
| **સભ્યો** | એન. ગોપાલાસ્વામી આયંગર |
| | અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર |
| | સૈયદ મોહમ્મદ સાદુલ્લાહ |
| | કનૈયાલાલ મુનશી |
| | એન. માધવરાવ (બી.એલ.મીત્તરના સ્થાને) |
| | ટી.ટી.કૃષ્ણમાચારી (ડી.પી.ખેતાનના સ્થાને) |

- ☞ આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- ☞ આ પ્રારૂપ ઉપર બંધારણ સભા દ્વારા 114 દિવસ સુધી વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.
- ☞ બંધારણ સભા દ્વારા બંધારણના વિવિધ ભાગો ઉપર વિચાર કરવા માટે કુલ 266 દિવસ સુધી બેઠકો કરવામાં આવી હતી.
- ☞ બંધારણ સભાએ કુલ 11 સત્રો યોજીને કુલ 60 દેશોનાં બંધારણ તપાસીને 64 લાખ રૂપિયાના ખર્ચે 2 વર્ષ 11 મહિના 18 દિવસમાં બંધારણ તૈયાર કર્યું.
- ☞ 26 નવેમ્બર 1949ના રોજ 299માંથી 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા અને બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.
- ☞ 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરીને નાગરિકતા, સંસદ અને કામચલાઉ સરકાર, ચૂંટણી, કટોકટીની જોગવાઈ વગેરે લાગુ કરી દેવામાં આવી હતી, આથી 26 નવેમ્બરના દિવસને 'કાયદા દિવસ' તરીકે ઓળખવામાં આવે છે.

**નોંધ** 2015થી 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે પણ ઊજવવામાં આવે છે.

**યાદ રાખો**

- ☞ 24 જાન્યુઆરી, 1950ના રોજ બંધારણ સભાના સભ્યો દ્વારા બંધારણ ઉપર ફરીથી હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ☞ 24 જાન્યુઆરી, 1950ના દિવસે બંધારણસભાએ રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કર્યો હતો.
- ☞ 24 જાન્યુઆરી, 1950ના રોજ બંધારણસભાએ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પણ ચૂંટી કાઢ્યા હતા.
- ☞ 26 જાન્યુઆરી, 1950ના દિવસે બંધારણનો અમલ કરવામાં આવ્યો હતો. આ દિવસને ગણતંત્ર / પ્રજાસત્તાક દિવસ તરીકે ઓળખવામાં આવે છે.
- ☞ બંધારણ સભા દ્વારા 'હાથી'ના પ્રતીક (છાપ)ને ચિહ્ન તરીકે સ્વીકારવામાં આવ્યું હતું.
- ☞ બંધારણ જ્યારે 26 જાન્યુઆરી, 1950માં અમલમાં મૂકવામાં આવ્યું ત્યારે પ્રસ્તાવના અને 395 અનુચ્છેદ તથા 8 અનુસૂચિ (પરિશિષ્ટ) અને 22 ભાગ હતા.
- ☞ બંધારણમાં બંધારણની પ્રસ્તાવનાનું લેખન પ્રેમબિહારી નારાયણ રાયજાદાએ કર્યું હતું અને તેની ડિઝાઇન રામમનોહર સિંહા દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- ☞ મૂળ બંધારણની હિન્દી આવૃત્તિનું લેખન વસંત કૃષ્ણ વૈદ્યે કર્યું.
- ☞ મૂળ બંધારણની અંગ્રેજી આવૃત્તિનું લેખન પ્રેમ બિહારી નારાયણ રાયજાદા દ્વારા કરવામાં આવ્યું છે.

Toppersnotes Unleash the topper in you

## ❖ બંધારણની કેટલીક અગત્યની સમિતિઓ

| ક્રમ | સમિતિ | અધ્યક્ષ |
|---|---|---|
| 1. | પ્રારૂપ/મુસદ્દા/ખરડા સમિતિ | **ડૉ. બાબાસાહેબ આંબેડકર** |
| 2. | પ્રારૂપ સમીક્ષા સમિતિ | **અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયર** |
| 3. | મૂળભૂત અધિકાર અને અલ્પસંખ્યક સમિતિ | **સરદાર વલ્લભભાઈ પટેલ** |
| 4. | સંઘ બંધારણ સમિતિ | **જવાહરલાલ નહેરુ** |
| 5. | પ્રાંતીય બંધારણ સમિતિ | **સરદાર વલ્લભભાઈ પટેલ** |
| 6. | સંઘ શક્તિ સમિતિ | **જવાહરલાલ નહેરુ** |
| 7. | રાષ્ટ્રીય ઝંડા સમિતિ | **જે. બી. કૃપલાણી** |
| 8. | સંઘ સંચાલન સમિતિ | **ડૉ. રાજેન્દ્ર પ્રસાદ** |